ગાંધીનગર સમાચાર

સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં
સંકિર્તન આરાધના સપ્તાહ

# ચિલોડાથી ૩૧ લાખનો વિદેશી દારૂ પકડાયો

## બટાકાના કટ્ટાની આડમાં વિદેશી દારૂની હેરાફેરી કરવામાં આવતી હતી : ૩૧ લાખના મુદ્દામાલ સાથે ત્રણની ધરપકડ : હરિયાણાથી માલ ભરીને અમદાવાદ લઈ જવાઈ રહ્યો હતો





ગાંધીનગર, તા.૨૪

નેશનલ હાઈવે પરથી વિદેશી દારૂની મોટા પાયે હેરાફેરી થઈ રહી છે. આ સંદર્ભે ચિલોડા પોલીસે બાતમીને આધારે વોચ ગોઠવી બટાકાના કટ્ટાની આડમાં વિદેશી દારૂના જથ્થાની હેરાફેરી કરતા ત્રણ શખ્સોને ટ્રક સાથે પકડી પાડયા હતા. ચિલોડા પોલીસની ટીમે ૬૦૦ પેટી દારૂ ભરેલી ટ્રક મળી રૂ. ૩૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને ત્રણ શખ્સોની ધરપકડ કરી લીધી છે. હરીયાણાથી માલ ભરીને અમદાવાદની સાગર હોટલમાં લઈ જવાઈ રહ્યો હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે.

ગાંધીનગર રેન્જ આઈજીપી મનોજ શશીધર તથા જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવે ચિલોડા હાઈવે પર સખત પેટ્રોલીંગ એ વાહનચેકીંગ રાખવા તથા દારૂની હેરાફેરી કરતા વાહનો પકડી પાડવા સુચના આપી હતી. જે અન્વયે ચિલોડા પી.આઈ. એલ.ડી. વાઘેલા તથા ટીમે હિંમતનગર તરફથી આવતી આર.જે. ૦૬ જી.એ. ૧૬૦૭ નંબરની ટ્રકને બાતમીને આધારે ચિલોડા સર્કલથી પકડી પાડી હતી. બટાકાના કટ્ટાઓ ભરેલી આ ટ્રકને અંદરથી વ્યવસ્થિત તપાસ કરતાં કટ્ટાઓની વચ્ચે સંતાડેલો વિદેશી દારૂનો મસ મોટો જથ્થો મળી આવ્યો હતો. ટ્રકમાંથી ૬૦૦ પેટી વિદેશી દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. ૧૬,૫૪૦ નંગ વિદેશી દારૂની બોટલો (કિં. રૂ. ૧૮,૯૨,૪૦૦) તથા બિયર કિં. રૂ. ૧૨ લાખ સહિત ટ્રક મળીને કુલ રૂ. ૩૧,૦૦,૧૫૦ની કિંમતનો મુદ્દામાલ ચિલોડા પોલીસે જપ્ત કરી લીધો હતો. હેરાફેરી કરી રહેલા ત્રણ શખ્સોમાં દિલ્હીના ડ્રાઈવર રાજેશ નરસિંગ ગુજર, હરિયાણાના પ્રદિપ સમેસીંગ છોકર અને રાજીવ સમેસીંગ છોકર મળી ત્રણ શખ્સોની ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરી છે. આ પ્રકરણમાં સંતોષ રણવિર ગુર્જરનું નામ ખુલવા પામ્યું છે. તે ઉપરાંત હરિયાણાથી માલ ભરીને અમદાવાદની સાગર હોટલ ખાતે લઈ જવાઈ રહ્યો હોવાનું તપાસમાં ખુલતા પોલીસે તે દિશામાં તપાસ શરુ કરી છે.

## @ગાંધીનગર

● શ્રી સ્વામિનારાયણ મંદિર, એસએમવીએસ, સે-૬ ખાતે પવિત્ર શ્રાવણમાસ કથા દરરોજ રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાક દરમિયાન તા. ૨૬-૮-૨૦૧૬ સુધી યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ ગાંધીનગર દ્વારા અશોકભાઈ પંડયાના નિવાસસ્થાન બ્લોક નં, ૧૧૫/૧, છ ટાઈપ ખાતે મટકી ફોડનો કાર્યક્રમ રાત્રિના ૯ થી ૧૨ કલાક દરમિયાન યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શ્રી શિવકથા તથા શ્રી દ્વાદશ જયોતિર્લિંગ મહિમાનું પૂ. મહંત મધુસુદનદાસ બાપુની નિશ્રામાં આયોજન.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા પરેશ કે. પંડયાના નિવાસસ્થાન એ-૨૦૧, ઈન્ફોસીટી ટાઉનશીપ ખાતે લઘુરૂદ્રનો કાર્યક્રમ યોજાશે.

● કૃષ્ણ ભજન મંડળ દ્વારા કાન્તાબેન દેસાઈના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૨૩૫/૧, સે-૨-એ ખાતે રાત્રિના ૯ થી ૧ કલાક દરમિયાન ભજન અને કૃષ્ણ મહોત્સવ યોજાશે.

● જય અંબે યુવક મંડળ તથા શિવશકિત પરિવાર દ્વારા જન્માષ્ટમી ઉજવણી નિમિત્તે રાત્રે ૮.૩૦ કલાકે ભવ્ય રાસ ગરબા, રાત્રે ૧૨ કલાકે કૃષ્ણ જન્મ રાત્રિના ૧૨.૩૦ થી ૧ કલાક દરમિયાન સ્ટેજ પ્રોગ્રામ અને રાત્રે ૧ કલાકે મટકી ફોડનો કાર્યક્રમ સે-૩-ન્યુના શિવશકિત મંદિર ખાતે યોજાશે.

● સે-૩-ડી યુવક મંડળ દ્વારા જન્માષ્ટમી નિમિત્તે રાત્રે ૮ કલાકે રાસ ગરબા, મહાઆરતી તથા દહી હાંડી સહિતના કાર્યક્રમો નવરાત્રી ચોક ખાતે યોજાશે.

● સે-૩૦ ઝુલેલાલ સાંઈબાબા મંદિર ખાતે રાત્રિના ૧૦ કલાકે કૃષ્ણ જન્મોત્સવનો કાર્યક્રમ યોજાશે.

## આજે શ્રી જલારામ મંદિર, સૅ ૨૯ ખાતે રાસ-ગરબા અને મટકીફોડનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૪

જન્માષ્ટમી પર્વનિમિત્તે ગુરુવારે શ્રી જલારામ મંદિર, સૅક્ટર-૨૯ ખાતે લોહાણા યુવા સંગઠન દ્વારા રાસ-ગરબા અને મટકીફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રે ૧૨ કલાકે નિજ મંદિરમાં શ્રી કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે અને ભક્તોને આરતી-દર્શનનો લાભ પણ મળશે. સૌ ભાવિકોને આ પ્રસંગે પધારવા યુવા સંગઠન તરફથી ઈજન પાઠવવામાં આવ્યું છે.

## અલખ દરબાર શ્વાન (કુતરા) રોટલા કેન્દ્ર દ્વારા બસ સેવાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૪

અલખ દરબાર (શ્વાન) કુતરા રોટલા કેન્દ્ર દ્વારા દર બીજના દર્શન માટે કોલવડાથી રણુજા (રામદેવડા, રાજસ્થાન) લકઝરી બસ સેવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે ભાવિક ભકતો દર્શન કરવા ઈચ્છા રાખતા હોય તેઓએ મો.નં. ૮૧૪૦૩૭૦૯૬૪ અથવા ૯૮૨૫૫૩૬૫૧૩ ઉપર સંપર્ક કરવા અલ્પેશ પ્રજાપતિ દ્વારા જણાવાયું છે.

## સે-૨ સ્વામિનારાયણ મંદિર દ્વારા જન્માષ્ટમીનું ભવ્ય આયોજન

ગાંધીનગર સે-૨ સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જન્માષ્ટમી નિમિત્તે હિંડોળા એવમ પ્રદર્શન શકિત વિવિધ સાંસ્કૃતિક તેમજ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં શહેરના સૌ ભાવિ ભકતોને હાજર રહેવા મંદિર પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે. અમદાવાદ શ્રી નરનારાયણ દેવ તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિર સેકટર-૨ ગાંધીનગરને આંગણે પવિત્ર શ્રાવણમાસ દરમિયાન તા. ૩૧-૭-૨૦૧૬ થી તા. ૨૮-૮-૨૦૧૬ સુધી ભવ્ય હિંડોળા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આધ્યાત્મિકા સાથે સામાજીકતાના અદભુત સમન્વયના દર્શન ભકતોને થયા છે. હિંડોળા મહોત્સવમાં પર્યાવરણ, આરોગ્ય, યોગ જ્ઞાન, વ્યસનમુકિત જેવા વિવિધ વિષયો પર સમાજમાં જાગૃતિ આવે તેવા સઘન પ્રયત્નો હાથ ધરાયા છે. જેમાં તાજેતરમાં સર્વે ભકતોને મંદિરના પ્રાંગણમાં બેસીને પૂજય સંતોના હસ્તે ૧૧૦૦ તુલસીના છોડનું વિતરણ કરવામાં આવ્યા હતું. સાથે સાથે પર્યાવરણની જાળવણી અને તુલસી છોડ ઉછેરના ફાયદા અને ઉપયોગીતા પર ડૉ. દેવાંગભાઈ વૈધ અને ડૉ. ધર્મેન્દ્રભાઈ વૈધ જેવા નિષ્ણાંતો દ્વારા માહિતી આપવામાં આવી હતી. આમ હિંડોળા મહોત્સવ ભકિત સાથે સામાજીક વિષયોની જાગૃતિનો સેતુ બને તેવા પ્રયત્નો થયા છે ત્યારે જન્માષ્ટમી નિમિત્તે હિંડોળા પ્રદર્શન સવારે ૮ થી ૧૨ સુધી અને બપોરના ૪થી રાત્રિના ૧૨ સુધી ખુલ્લું રાખવામાં આવશે.

## સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર, ચિલોડાનું ગૌરવ



જિલ્લાકક્ષાની કબડ્ડી સ્પર્ધામાં ચિલોડા સ્થિત સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવરની બે ટીમ અન્ડર-૧૪ વિભાગમાં વિજેતા બની છે તથા વિદ્યાર્થીઓની ટીમમાંથી ૪ ખેલાડીઓ તથા વિદ્યાર્થીનીઓની ટીમમાંથી ૭ ખેલાડીઓની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે થઈ છે. શાળાના કોચ યોગેશભાઈ તથા બેને ટીમના ખેલાડીઓને શાળા પરિવાર તરફથી અભિનંદન સહ રાજ્યકક્ષાએ રમવા જનારા વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવવામાં આવી છે.



સાબરમતી નદીમાં નવા નીર આવ્યા છે. નદીમાં પાણી વહેતા થતા શાહપુર મેલડી માતાના મંદિરે એકત્ર થયેલા શ્રીફળ નદીમાં પધરાવાયા હતા.

## સે-૧૨ પાસેથી ઈકો ગાડીમાં દારૂની હેરાફેરી કરતો શખ્સ પકડાયો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ પાસેથી વિદેશી દારૂની બોટલો સાથે ઈકો ગાડીમાં એક શખ્સ પસાર થઈ રહ્યો હોવાની બાતમી સે-૭ પોલીસને મળી હતી. જેને આધારે પીએસઆઈ એમ.પી.ચૌહાણે તેમની ટીમ સાથે જઈ સે-૧૨ વિશ્વકર્મા મંદિર સામે વોચ ગોઠવી ગઈ સાંજે દારૂ ભરેલી ઈકો ગાડી પકડી પાડી હતી. રૂ.૧૦,૮૦૦ની કિંમતની ૨૪ નંગ દારૂની બોટલો સાથે સે-૯માં રહેતા શખ્સને પકડયો હતો. સે-૯ સરકારી કવોટર્સ બ્લોક નં. ૧૧૩/૫માં રહેતા ઊધવ ઈશ્વરલાલ નામના શખ્સની રૂ. ૧,૬૦,૮૦૦ની કિંમતના મુદ્દામાલ સાથે ધરપકડ કરી સે-૭ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



## 'આઝાદી-૭૦' સપ્તાહની સ્વામિનારાયણ ગુરૂકુળની કોલેજમાં ઉજવણી




ગાંધીનગર, તા.૨૪

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, ગાંધીનગર સંચાલિત શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી, ભાટ અને શ્રી સ્વામિનારાયણ પોલિટેકનીક સે-૨૨ કોલેજમાં 'આઝાદી-૭૦' સપ્તાહની વિદ્યાર્થીઓ દ્વારા નિબંધ,વકતૃત્વ, આર્મી માટે શુભેચ્છા કાર્ડ જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આર્મી માટેના શુભેચ્છા કાર્ડ બોર્ડર પર પોસ્ટ કરવામાં આવ્યા હતા. પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણનું કાર્ય કરવામાં આવ્યું હતું. જેમ છોડને રોપ્યા પછી પાણી અને ખાતર દ્વારા માવજત થાય તો તે ટકે અને વૃક્ષ બને તેમ આપણી આઝાદીના ઘડવૈયા દ્વારા મળેલ આઝાદી આજે આર્મી દ્વારા ટકી રહેલ છે. પ્રોગ્રામના અંતે કર્નલ ગોખલે, ડાયરેકટર-ઈન્ડિયન આર્મી ભરતી ડિપાર્ટમેન્ટ-અમદાવાદના હસ્તે ઈનામ આપવામાં આવ્યા હતા અને તેમણે આર્મીમાં જોડાવાનાં ફાયદા અને આર્મીનું મહત્વ સમજાવ્યું હતું.




રંગોલી સ્કૂલ ખાતે જન્માષ્ટમી મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકો રાધા-કૃષ્ણની વેશભૂષામાં સજ્જ થઈ શાળામાં આવ્યા હતા. જેનાથી શાળાનું પ્રાંગણ ગોકુળ જેવું લાગતું હતું. આ દરમિયાન શ્રી કૃષ્ણ લીલા આધારિત ગીતો પર ડાન્સ અને મટકીફોડ જેવો કાર્યક્રમ બાળકોએ મન ભરીને માણ્યો હતો.

## વાતવાતમાં

● જન્માષ્ટમી પર્વને લઈ શહેરની વિવિધ સ્કૂલોમાં બાળકો દ્વારા આ પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. તેમજ શહેરના વિવિધ મંદિરોમાં પણ કૃષ્ણ જન્મોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

● સતત વરસી રહેલા વરસાદને પગલે વાયરલ ફીવરના દર્દીઓમાં વધારો જોવા મળી રહ્યો છે. હોસ્પિટલના ઓપીડીમાં સૌથી વધુ દર્દીઓ નજરે પડે છે.

## લોહાણા યુવા સંગઠનની નવી કારોબારી : પ્રમુખ નિલેશ પુજારા, મંત્રી ચેતન દક્ષિણિ

ગાંધીનગર, તા. ૨૪

લોહાણા યુવા સંગઠન, ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા તાજેતરમાં શ્રી જલારામ મંદિર, ગાંધીનગર ખાતે મળી હતી, જેમાં સંસ્થાની નવી કારોબારીની રચના કરવામાં આવી હતી. લોહાણા યુવા સંગઠન, ગાંધીનગરના પ્રમુખ તરીકે નિલેશ જી પુજારા, ઉપપ્રમુખ તરીકે પાર્થ ઍમ ઠક્કર, મંત્રી-ચેતન ડી દક્ષિણિ, સહમંત્રી-નિરજ બી ઠક્કર, કોષાધ્યક્ષ-ચિંતન એ ઠક્કર, સહકોષાધ્યક્ષ-જીતેન્દ્ર જી ઠક્કર, સંગઠન મંત્રી-સચિન એ ઠક્કર તથા કારોબારી સભ્ય તરીકે જિજ્ઞેશ પી મજીઠિયા, જિતેન્દ્ર ઍસ ખખ્ખર, કેયુર ઍમ ખખ્ખર, ભરત ઍમ ઠક્કર, ભાવેશ ઍચ ઉદેચા, અમીત ઍમ હાલાણી, ધ્રૂવ કે ઠક્કર, રાહુલ ઍચ કારીયા, જય એ માવાણી, પ્રિયંક જી જોબનપુત્રા, પ્રિયંક જી ઠક્કર, પાર્થ વાય દક્ષિણી, સંકેત ઍચ પોપટ અને શ્રેયસ વાય માધવાણીની વરણી કરવામાં આવી હતી.

## સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ દ્વારા ઈનામ વિતરણનો કાર્યક્રમ અને ચિત્ર સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૪

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા આગામી તા. ૪ સપ્ટેમ્બરને રવિવારના રોજ બપોરના ૨થી ૭ કલાક દરમિયાન સે-૨૩ના ખીમજી વિશરામ હોલ ખાતે ઈનામ વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ દરમિયાન ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરાયું છે. કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા દરેક પરિવારના ધોરણ ૧ થી ૭ અને ધોરણ ૮ થી ૧૨ તથા દરેક પોસ્ટ ગ્રેજયુએટ વિદ્યાર્થીની માર્કશીટ સેકટર પ્રતિનિધિઓને તા. ૨૭ ઓગષ્ટ સુધીમાં જમા કરાવવા અપીલ કરવામાં આવી છે. ચિત્ર સ્પર્ધામાં ભાગ લનાર સ્પર્ધકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સમાજના તમામ પરિવારોના સભ્યોને હાજર રહેવા સંગઠનના ટ્રસ્ટી ડૉ. પ્રદીપ ગગલાણી અને લક્ષ્મણ કંસારાએ જણાવ્યું છે.

## બીબીએના વિદ્યાર્થીઓ દક્ષિણામૂર્તિ ટાઈલ્સની ઔદ્યોગિક મુલાકાતે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરની બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશનના વિદ્યાર્થીઓ અભ્યાસક્રમની સાથે સાથે પ્રાયોગિક તાલીમ મેળવવા માટે ડિગ્રી કોર્સના ત્રણ વર્ષના અભ્યાસક્રમ દરમિયાન કુલ ૬ વખત વિવિધ નામાંકિત ઉદ્યોગગૃહની મુલાકાતે જાય છે. તેમજ ત્યાં ઉદ્યોગની સ્થાપનાથી લઈ તેને સ્પર્શતા તમામ મુદ્દાઓનું અવલોકન કરે છે અને ભવિષ્યમાં જે તે વ્યવસાય સામે આવનાર પડકારો બાબતે અભ્યાસ કરે છે જે તેઓને તેમની કારકિર્દીના ઘડતરમાં ખૂબ ઉપયોગી સાબિત થશે.



ચાલુ શૈક્ષણિક સત્રમાં દ્વિતીય વર્ષના ૬૬ વિદ્યાર્થી ટાઈલ્સ ઉત્પાદન ક્ષેત્રે જાણીતી કંપની દક્ષિણામૂર્તિ ટાઈલ્સ પ્રાઈવેટ લિ.ની મુલાકાતે ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે દક્ષિણામૂર્તિ ટાઈલ્સ કંપનીનો ગુજરાત રાજયનો ઉત્પાદન પ્લાન્ટ રાજપુર ગામ, તાલુકા માણસા ખાતે આવેલ છે. આ પ્લાન્ટમાં વોલ, ફલોર તેમજ વિટ્રિફાઈડ ટાઈલ્સનું ઉત્પાદન એક જ સ્થળે કરવામાં આવે છે. કંપનીના કર્મચારીઓ એ વિદ્યાર્થીઓને ઉત્પાદન પ્રક્રિયા વિષે વિસ્તૃત માહિતી આપી હતી તેમજ પ્લાન્ટની મુલાકાત કરાવી હતી તેની સાથે સાથે વિદ્યાર્થીઓએ વિવિધ અધિકારીઓ સાથે પ્રશ્નોત્તરી કરી અને તેના સંતોષજનક જવાબ મેળવ્યા હતા. તેમજ કંપનીના ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક, એડમિનિસ્ટ્રેશન તેમજ માર્કેટીંગ વિષે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

સમગ્ર વિઝિટનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ સમિતિના હેડ ડૉ. જયેશ તન્ના તેમજ પ્રોફેસર પ્રજ્ઞેશ નવલખા દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

## સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં સંકિર્તન આરાધના સપ્તાહ

'કલૌકેશવકીર્તનાત્' કલિયુગમાં ભગવાનને રાજી કરવાનો સરળ માર્ગ કીર્તન ભકિત છે. કીર્તનના આવા મહિમાને અનુલક્ષીને સે-૨૩ સ્વામિનારાયણ મંદિર દ્વારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નાર્થે પૂ. ગુરુજીની પ્રેરણા અને આર્શીવાદ સાથે પવિત્ર શ્રાવણમાસમાં મંદિરમાં તા. ૨૬ ઓગષ્ટથી તા. ૧ સપ્ટેમ્બર દરમિયાન નંદ સંતો વિરચિત પ્રાસંગિક કથાઓ સાથે સંકીર્તન આરાધનાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રવકતા તરીકે સ.ગુ. શાસ્ત્રી હરિપ્રિયદાસજી દરરોજ સાંજે ૭.૪૫થી ૮.૪૫ દરમિયાન સંકીર્તન આરાધનાના દિવ્યાનંદનો અનુભવ કરાવશે.

## ચિરવિદાય

● સ્વ. પરમાર બેનીબેન વિઠ્ઠલભાઈ, ઉ.વ. ૮૦